# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-03-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભારત શાંતિ અંગે જે બોલે છે તે સમગ્ર વિશ્વ સાંભળે છે
2) પ્રધાનમંત્રી આવતીકાલે નવી દિલ્હીમાં રાયસીના ડાયલૉગ 2025ની 10મી આવૃત્તિનું ઉદ્ઘાટન કરશે.
3) નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરોએ ઇમ્ફાલ અને ગુવાહાટીમાંથી 88 કરોડ રૂપિયાની કિંમતનો માદકપદાર્થનો જથ્થો કબજે કર્યો
4) મેસેડોનિયાના એક નાઈટ ક્લબમાં આજે લાગેલી ભીષણ આગમાં ઓછામાં ઓછા 51 લોકોના મોત
5) ઇન્ડિયા માસ્ટર્સ અને વેસ્ટ ઇન્ડીઝ માસ્ટર્સ વચ્ચે આજે છત્તીસગઢમાં આંતર-રાષ્ટ્રીય માસ્ટર્સ લીગ ટી-20ની ફાઈનલ મેચ

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM PODCAST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભારત શાંતિ અંગે જે બોલે છે તે સમગ્ર વિશ્વ સાંભળે છે. કારણ કે, ભારત ગૌતમ બુદ્ધ અને મહાત્મા ગાંધીજીની ભૂમિ છે. શ્રી મોદીએ એ.આઈ. સંશોધનકર્તા અને પૉડકાસ્ટર લૅક્સ ફ્રિડમેન સાથેની વાતચીતમાં કહ્યું: ‘ભારતીય લોકો સદભાવમાં વિશ્વાસ કરે છે અને શાંતિ ઈચ્છે છે.’ રશિયા અને યુક્રેન સંઘર્ષ પર શ્રી મોદીએ કહ્યું: ‘જ્યારે બંને દેશ વાતચીત માટે એકસાથે આવશે ત્યારે આનું સમાધાન આવશે.’

**(BYTE: PM ON UKRAINE BYTE)**

ભારત અને ચીનના સંબંધ પર શ્રી મોદીએ કહ્યું, ‘બંને દેશના સંબંધ નવા નથી, પરંતુ પ્રાચીન કાળથી સાંસ્કૃતિક અને સભ્યતા સંબંધ રહ્યા છે.’ તેમણે કહ્યું, ભારત અને ચીને એકસાથે મળીને વૈશ્વિક કલ્યાણ માટે યોગદાન આપ્યું છે. પ્રાચીન કાળથી ભારત અને ચીન વચ્ચે સંઘર્ષનો ઇતિહાસ નથી રહ્યો. બંને દેશ વચ્ચે મજબૂત સંબંધ ભવિષ્યમાં પણ યથાવત્ રહેશે તેવો શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

**(BYTE: PM on CHINA )**

. . . . . . . . . . . . . . .

## NEW ZEALAND PM

ન્યૂ ઝિલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન આજે બપોરે ભારતના પાંચ દિવસના પ્રવાસે નવી દિલ્હી પહોંચ્યા છે. તેમની સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ છે. હવાઈમથક પર કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી રાજ્યમંત્રી પ્રૉફેસર એસ. પી. સિંહ બઘેલે શ્રી લક્સનનું સ્વાગત કર્યું હતું.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ન્યૂ ઝિલેન્ડના તેમના સમકક્ષ સાથે બંને દેશા સંબંધના વિવિધ પાસાઓ પર ચર્ચા કરશે. તેઓ રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને પણ મળશે.

. . . . . . . . . . . . . . . .

**REV PM RAISINA DIALOGUE**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં રાયસીના ડાયલૉગ 2025ની 10મી આવૃત્તિનું ઉદ્ઘાટન કરશે. ન્યૂ ઝિલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટૉફર લક્સન ઉદ્ઘાટન સત્રમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે અને તેઓ સંબોધન કરશે. ત્રણ દિવસ ચાલનારો રાયસીના ડાયલૉગ કાર્યક્રમ 19 માર્ચ સુધી ચાલશે.

આ વર્ષે આ કાર્યક્રમની મુખ્ય વિષયવસ્તુ કાલચક્રઃ લોકો, શાંતિ અને પૃથ્વી છે. કાર્યક્રમ દરમિયાન વિશ્વના નીતિ નિર્માતાઓ અને ચિંતકો પૉલિટિક્સ ઇન્ટરપ્ટેડ- શિફ્ટિંગ સેન્ડ્સ એન્ડ રાઈઝિંગ ટાઈડ્સ, રિઝોલ્વિંગ ધ ગ્રીન ટ્રાઈલેમાઃ હૂ, વેયર એન્ડ હાઉ તથા ડિજિટલ પ્લેનેટ્સ- એજન્ટ્સ,

એજન્સીઝ એન્ડ એબ્સેન્સીઝ જેવા છ મુખ્ય વિષય પર વિચારવિમર્શ કરશે,

રાયસીના ડાયલૉગ ભારતની ભૂ-રાજનીતિ અને ભૂ-અર્થશાસ્ત્ર પરનો મુખ્ય કાર્યક્રમ છે, જે વૈશ્વિક સમુદાયના વર્તમાન પડકારને પહોંચી વળવાના માર્ગ પર મંથન કરે છે.

રાયસીના ડાયલૉગની 10મી આવૃત્તિમાં અંદાજે 125 દેશના પ્રતિનિધિ ભાગ લેશે. આ કાર્યક્રમમાં ત્રણ હજાર 500થી વધુ ભાગીદાર વ્યક્તિગત રીતે સંવાદ કરશે. તેની સમગ્ર કાર્યવાહી વિશ્વભરમાં વિવિધ ડિજિટલ પ્લેટફૉર્મના માધ્યમથી કરોડો લોકો જોઈ શકશે.

. . . . . . . . . . . . . . . .

## INDIA NEW ZEALAND FTA

ભારત અને ન્યૂ ઝિલૅન્ડે વ્યાપક અને પરસ્પર રીતે લાભદાયી મુક્ત વેપાર સમજૂતી માટે વાટાઘાટો શરૂ કરવાની જાહેરાત કરી છે. તેની શરૂઆત આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ અને ન્યૂ ઝિલૅન્ડના વેપાર તથા રોકાણ મંત્રી ટૉડ મેક્લે વચ્ચે યોજાયેલી બેઠકથી થઈ છે.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી ગોયલે કહ્યું: ‘આ દ્વિપક્ષી ભાગીદારીમાં એક મહત્વની સિદ્ધિ છે, જે બંને દેશ વચ્ચે વેપાર સંબંધને ગાઢ બનાવવા તેમ જ આર્થિક તકનું વિસ્તરણ કરવાના પરસ્પર દ્રષ્ટિકોણને દર્શાવે છે.’

. . . . . . . . . . . . . . . .

## REV HM DRUG CARTEL

નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો- N.C.B.એ ઇમ્ફાલ અને ગુવાહાટી વિસ્તારમાંથી 88 કરોડ રૂપિયાની કિંમતની મેથમ-ફેટામાઈન ગોળીઓનો મોટો જથ્થો કબજે કર્યો છે. તેમ જ આ મામલે આંતર-રાષ્ટ્રીય માદક પદાર્થ જૂથના ચાર સભ્યોની પણ ધરપકડ કરી છે. આ મામલે સામેલ અન્ય લોકોને પકડવા માટેની તપાસ ચાલી રહી છે.

ગૃહ મંત્રાલયે જણાવ્યું, 13 માર્ચે આ અભિયાન દરમિયાન N.C.B.ની ટીમે ઇમ્ફાલ વિસ્તારમાંથી 102 કિલો અને ગુવાહાટી વિસ્તારમાંથી અંદાજે આઠ કિલો મેથમ-ફેટામાઈન ગોળીઓનો જથ્થો કબજે કર્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા સંદેશ પર N.C.B.ના પ્રયાસની પ્રશંસા કરી છે. તેમણે માદક પદાર્થમુક્ત ભારતના નિર્માણ માટે મોદી સરકારની પ્રતિબદ્ધતાનો પુનઃરોચ્ચાર પણ કર્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## AMIT SHAH ASSAM

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે કોકરાઝાડમાં કહ્યું: 'પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર બોડોલૅન્ડ વિસ્તારના વિકાસ માટે પ્રતિબદ્ધ છે.' કોકરાઝાડ જિલ્લાના ડોટમા ખાતે અખિલ બોડો વિદ્યાર્થી સંઘના 57મા વાર્ષિક સંમેલનમાં મુખ્યઅતિથિ તરીકે સંબોધિત કરતાં તેમણે કહ્યું: 'કેન્દ્ર સરકાર બોડો સમજૂતીની તમામ ધારાઓને પૂર્ણ કરવા પ્રતિબદ્ધ છે.' શ્રી શાહે કહ્યું: 'સમજૂતીની 82 ટકા ધારાઓ પહેલા જ પૂરી કરવામાં આવી છે. જ્યારે બાકીની ધારાઓને બે વર્ષમાં પૂર્ણ કરાશે.'

(બાઇટ – અમિત શાહ)

. . . . . . . . . . . . . . .

## REV MACEDONIA FIRE

મેસેડૉનિયાના એક નાઈટ ક્લબમાં આજે સવારે લાગેલી ભીષણ આગમાં ઓછામાં ઓછા 51 લોકોના મોત થયા છે. જ્યારે 100-થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. આ ઘટના ઉત્તર મેસેડૉનિયાના પૂર્વ શહેર કોકનીની છે. ક્લબમાં પ્રખ્યાત બૅન્ડ D.N.K.ના કૉન્સર્ટમાં એક

હજાર 500થી વધી લોકો સામેલ હતા. પ્રધાનમંત્રી ક્રિસ્ટિજાન મિકોસ્કીએ કહ્યું: ‘સરકાર આ મામલે શક્ય તમામ પગલાં ઉઠાવશે.’

. . . . . . . . . . . . . . .

## FIT INDIA

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ આજે ગુજરાતના અમદાવાદમાં ફિટ ઇન્ડિયા સન્ડે ઑન સાઈકલનું નેતૃત્વ કર્યું. સમગ્ર દેશના લોકો આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. ભારતીય રમતગમત સત્તામંડળ ગાંધીનગર દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં અંદાજે 650 સાઈકલ સવારે ભાગ લીધો અને પેરાલિમ્પિયન ખેલાડી ભાવના ચૌધરીએ આ રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું.

(BYTE: DR. MANSUKH MANDAVIYA)

બીજી તરફ દિલ્હીના મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમમાં ગિનીસ વર્લ્ડ રેકોર્ડ વિજેતા રોહતાશ ચૌધરીએ સ્પર્ધકોને પ્રેરિત કર્યા હતા. દરમિયાન ભારતીય આરોગ્ય સંસ્થા- I.M.A.એ દેશભરમાં 25 જગ્યા પર સન્ડે ઑન સાઈકલનું આયોજન કર્યું હતું.

. . . . . . . . . . . . . . .

## MASTERS LEAGUE

**આંતર-રાષ્ટ્રીય માસ્ટર્સ લીગ ટી-20ની ફાઈનલ મૅચ હમણાં ઇન્ડિયા માસ્ટર્સ અને વેસ્ટ ઇન્ડીઝ માસ્ટર્સ વચ્ચે રમાઈ રહી છે. ઇન્ડિયા માસ્ટર્સ સચિન તેંડુલકર અને વેસ્ટ ઇન્ડીઝ માસ્ટર્સ બ્રાયન લારાની સુકાની હેઠળ આ મેચ છત્તીસગઢના રાયપુરમાં આવેલા શહીદ વીર નારાયણ સિંહ ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. વેસ્ટ ઇન્ડીઝ માસ્ટર્સે ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી છે.**

**હાલમાં મળતાં અહેવાલ મુજબ, વેસ્ટ ઇન્ડીઝ માસ્ટર્સે 4 ઑવરમાં 1 વિકેટ ગુમાવી 34 રન બનાવ્યા છે.**

. . . . . . . . . . . . . . . .

## SPECIAL OLYMPIC

ભારતે ઈટાલીમાં વિશેષ ઓલિમ્પિક વિશ્વ શિયાળુ રમતોમાં આઠ સુવર્ણ, 18 રજત અને સાત કાંસ્ય સહિત 33 ચંદ્રક જીતીને પોતાનું અભિયાન પૂર્ણ કર્યું. વાસુ તિવારી, શાલિની ચૌહાણ અને તાન્યાએ 25 મીટર સ્નોશૂઇંગ ઇવેન્ટમાં રજત ચંદ્રક જીત્યા હતા અને જહાંગીરે તે જ વર્ગમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. આલ્પાઇન સ્કીઇંગમાં, રાધા દેવી અને નિર્મલા દેવીએ ઇન્ટરમીડિયેટ સ્લેલોમમાં રજત ચંદ્રક જીત્યા અને અભિષેક કુમારે નોવિસ સ્લેલોમમાં બીજો રજત ચંદ્રક જીત્યો. જ્યારે ભારતીય મહિલા ટીમે ફ્લોરબોલ ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો.

. . . . . . . . . . . . . . . .

## ABU QATAL KILLED

લશ્કર-એ-તૈયબાનો આતંકવાદી અબૂ કતલ ઉર્ફે કતલસિંધિ પાકિસ્તાનના ઝેલમ સિંધ પ્રાન્તમાં ઠાર મરાયો છે. અજાણ્યા હુમલાખોરોએ ગઈકાલે રાત્રે ગોળી મારી તેની હત્યા કરી હતી. અબૂ કતલ જમ્મુ-કાશ્મીરમાં અનેક હુમલાઓની યોજના બનાવવામાં સામેલ હતો. તે આતંકવાદી હાફિઝ સઈદનો નજીકનો સહયોગી હતો તેમ જ તેણે પીપલ્સ એન્ટી ફાસિસ્ટ ફોર્સ અને ધ રેઝિટૅન્ટ ફોર્સ જેવા આતંકવાદી સંગઠનોનું નેતૃત્વ પણ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . .